તારીખ : 19/07/2026

# ઉનાળાની મહેનત ચોમાસે રંગ લાવી: અમરેલીના પાંચ ગામોમાં છલકાયા તળાવો, રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ કર્યા નવા નીરના વધામણા

## ગાવડકા, ખીજડિયા, રંગપુર, વડેરા અને નાના ભંડારિયા મુકામે તળાવોમાં નવા નીરની આવક

### રાજ્ય સરકારના સઘન આયોજન અને લોકભાગીદારીનો સુમેળ: અમરેલી-વડિયા-કુંકાવાવના ૧૧૫ ગામોમાં તળાવો ઊંડા કરાતા ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવશે

અમરેલી જિલ્લામાં ચાલુ ચોમાસાની સીઝનમાં થયેલા સારા વરસાદના પગલે સ્થાનિક જળાશયો તેમજ ગ્રામીણ તળાવોમાં વિપુલ પ્રમાણમાં નવા નીરની આવક થઈ છે. આ શુભ અવસરે કાયદો અને ઊર્જા રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના વરદ હસ્તે ગાવડકા, ખીજડિયા, રંગપુર, વડેરા અને નાના ભંડારિયા મુકામે ઉમંગભેર નવા નીરના વધામણાનો કાર્યક્રમ યોજાયો હતો. રાજ્ય સરકારના સુજલામ સુફલામ જળસંચય અભિયાનને પ્રકૃતિનો ભરપૂર સાથ મળતા સમગ્ર પંથકના ગ્રામજનો અને ખેડૂતોમાં આનંદની લાગણી છે. અસરકારક આયોજન અને તળાવો છલકાયા - મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સક્ષમ માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લાના જળ સ્ત્રોતોને પુનઃજીવિત કરવા માટે ઉનાળાની ઋતુ દરમિયાન જ વ્યાપક આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત અમરેલી, વડિયા અને કુંકાવાવ તાલુકાના અંદાજે ૧૧૫ જેટલા ગામોમાં જળસંચયના કામો યુદ્ધના ધોરણે પૂર્ણ કરાયા હતા. જળસંચય અભિયાનને વેગ-જિલ્લામાં જળસંગ્રહની ક્ષમતા વધારવા માટે ભગીરથ પ્રયાસો કરવામાં આવ્યા હતા, જેમાં ઉનાળા દરમિયાન ૧30 જેટલા વિશાળ હીટાચી મશીનો તૈનાત કરીને પ્રતિ ગામ સરેરાશ ૬00 કલાક સુધી તળાવો ઊંડા ઉતારવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવશે-ચોમાસા અગાઉ વૈજ્ઞાનિક ઢબે તળાવો ઊંડા થવાના કારણે અને તેમાં પૂરતા પ્રમાણમાં પાણીનો ભરાવો થવાથી આગામી સમયમાં સમગ્ર વિસ્તારના ભૂગર્ભ જળ સ્તર નોંધપાત્ર રીતે ઊંચા આવશે. કુવા અને બોરવેલના તળ ઊંડા જવાની સમસ્યા અટકશે, જેથી ગ્રામીણ વિસ્તારોમાં ઉનાળા દરમિયાન વર્તાતી પીવાના પાણીની તંગી ભૂતકાળ બનશે. આ જળક્રાંતિ લાંબા ગાળે જમીનની ભેજ સંગ્રહ શક્તિ વધારવામાં પણ અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.કૃષિ સમૃદ્ધિ અને જળ સિંચનનો માર્ગ મોકળો - તળાવોમાં જળરાશિનો પૂરતો સંગ્રહ થવાથી સ્થાનિક ખેડૂતો માટે સિંચાઈના પાણીની ચિંતા દૂર થઈ છે. ખરીફ અને રવિ પાક માટે પૂરતું જળ સિંચન મળી રહેતા કૃષિ ઉત્પાદકતામાં મોટો ઉછાળો આવશે, જે અંતતઃ અમરેલી જિલ્લાના અર્થતંત્રને મજબૂત કરી કૃષિ સમૃદ્ધિના નવા દ્વાર ખોલશે. રાજ્યમંત્રીશ્રીએ નવા નીરના વધામણા કરીને જિલ્લાની ઉત્તરોત્તર પ્રગતિ માટે મંગલ શુભકામનાઓ વ્યક્ત કરી હતી. અમરેલી તાલુકાના વિવિધ ગામડાઓમાં નવા નીર વધામણા કાર્યક્રમમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત હોદ્દેદારો, ગ્રામ પંચાયત સરપંચશ્રી અને સભ્યશ્રીઓ, સ્થાનિક આગેવાનો, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.









તારીખ : 19/07/2026

# વિદ્યાગુરુ હાઈસ્કૂલમાં માર્ગ સલામતી જાગૃતિ સેમિનાર યોજાયો

## જિલ્લા ટ્રાફિક શાખા અને આર.ટી.ઓ. દ્વારા વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમો અંગે અપાઈ માર્ગદર્શન





અમરેલી જિલ્લા ટ્રાફિક શાખા, અમરેલી તેમજ આર.ટી.ઓ. અમરેલીના સંયુક્ત ઉપક્રમે વિદ્યાગુરુ હાઈસ્કૂલ, અમરેલી ખાતે માર્ગ સલામતી અને ટ્રાફિક અવેરનેસ અંગે જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.સેમિનારમાં વિદ્યાર્થીઓને માર્ગ સલામતીના નિયમો, ટ્રાફિક સિગ્નલનું મહત્વ, હેલ્મેટ અને સીટબેલ્ટના ઉપયોગની આવશ્યકતા, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવો, ઓવર સ્પીડથી બચવું તેમજ જવાબદાર નાગરિક તરીકે ટ્રાફિક નિયમોનું પાલન કરવાની સમજ આપવામાં આવી હતી.અધિકારીઓએ જણાવ્યું હતું કે માર્ગ અકસ્માતોની સંખ્યામાં ઘટાડો લાવવા માટે વિદ્યાર્થીઓમાં ટ્રાફિક અંગેની જાગૃતિ ખૂબ જ જરૂરી છે. વિદ્યાર્થીઓ પોતાના પરિવારજનો અને સમાજમાં પણ માર્ગ સલામતીનો સંદેશ પહોંચાડી શકે તે હેતુથી વિવિધ ઉદાહરણો અને માર્ગદર્શનો દ્વારા સમજણ આપવામાં આવી હતી.કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને ટ્રાફિક નિયમો અંગેના પ્રશ્નોના સંતોષકારક જવાબો મેળવી માર્ગ સલામતીના નિયમોનું પાલન કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.અંતે આયોજકો દ્વારા શાળા સંચાલન અને ઉપસ્થિત વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## સાવરકુંડલાનું નવુ નજરાણું




એક ફોન... અને શુદ્ધ, ઠંડુ તથા મિનરલયુક્ત મીઠું પાણી તમારા ઘર તેમજ દુકાન સુધી!

લગ્ન પ્રસંગના ઓર્ડર ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવશે.

આપના અતૂટ વિશ્વાસ બદલ આભાર...
હવે 'રાજન વોટર સપ્લાય' લાવી રહ્યું છે...

# રાજન મિનરલ વોટર

100% શુદ્ધ અને મિનરલયુક્ત મીઠું પીવાનું પાણી

ફ્રેન્ડ સોસાયટી, ભરવાડ શેરી, સાવરકુંડલા

RO શુધ્ધિકરણ પ્રક્રિયા * વ્યાજબી ભાવ અને શ્રેષ્ઠ ગુણવત્તાની ખાતરી * દરરોજ સવારે અને સાંજે નિયમિત ડિલિવરી સેવા...

ભેળસેળ મુક્ત પાણી પીવો અને સ્વસ્થ રહો!

ઓર્ડર કરવા માટે અત્યારે જ કોલ કરો..

મુકેશભાઈ ભરવાડ
મો. 87329 81368

હરીભાઈ ભરવાડ (નગરપાલિકા સદસ્ય)
મો. 7874411833

તારીખ : 19/07/2026

# સાવરકુંડલા તાલુકાના દેતડ-મેરિયાણા સહિત અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં 'બેટી બચાવો-બેટી ભણાવો' જાગૃતિ અભિયાન



મહિલા અને બાળ વિકાસ વિભાગના બેટી બચાવો-બેટી ભણાવો (B B B P) અભિયાન અંતર્ગત સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં દીકરીઓના શિક્ષણ, સુરક્ષા અને સશક્તિકરણ અંગે લોકજાગૃતિ લાવવાના હેતુથી વિશેષ કાર્યક્રમો યોજાયા હતા.તા. 16 જુલાઈ, 2026ના રોજ સાવરકુંડલા તાલુકાના દેતડ અને મેરિયાણા ગામે તેમજ તા. 17 જુલાઈ, 2026ના રોજ લાઠી તાલુકાના અડતાલા અને ટોડા ગામે જિલ્લા વહીવટી તંત્ર, અમરેલી અને બીબીબીપી સેલ, અમરેલીના સંયુક્ત ઉપક્રમે સંસ્કાર કલા કેન્દ્ર, રાજકોટ દ્વારા ગમ્મત સાથે જ્ઞાન આપતો લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો.કાર્યક્રમ દરમિયાન નાટ્ય સ્વરૂપે 'બેટી બચાવો-બેટી ભણાવો', બાળલગ્ન પ્રતિબંધ તેમજ કન્યા કેળવણીના મહત્વ અંગે અસરકારક સંદેશ આપવામાં આવ્યો. ગ્રામજનોને બાળલગ્નના દૂષ્પરિણામો, દીકરીઓને શિક્ષણ આપવાના મહત્વ, મહિલા સશક્તિકરણ અને દીકરીઓ પ્રત્યે સમાનતા તથા સન્માનની ભાવના વિકસાવવા અંગે સરળ અને રસપ્રદ રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું.ગ્રામજનોએ કાર્યક્રમને ઉત્સાહપૂર્વક નિહાળ્યો અને સમાજમાં દીકરીઓના શિક્ષણ તથા સુરક્ષાને પ્રાથમિકતા આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. આવા જાગૃતિ કાર્યક્રમો દ્વારા સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો સંદેશ છેવાડાના ગામો સુધી પહોંચે અને સમાજમાં સકારાત્મક પરિવર્તન આવે તેવો આશય વ્યક્ત કરવામાં આવ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/07/2026

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# JCB ના કામકાજ માટે મળો...




## પ્લોટમાં પુરાણ કરવા માટે ભરતી તેમજ જમીન પુરાણની ભરતી તેમજ ખેતરના પાળા કરવા માટે ભરતી હાજરમાં છે.

**સંપર્ક : કમલેશભાઇ નનકાભાઇ મૈસુરીયા**

**મો. 98245 91348**

**ગાંધીચોક, રામ મેડીકલની બાજુમાં, સાવરકુંડલા**

કે.કે. NEWS
તારીખ : 19/07/2026

# Sunday Special

## રવિવારને બનાવો ખાસ: જીવનમાં સકારાત્મક બદલાવ લાવતી 10 સારી આદતો

**રવિવાર માત્ર આરામનો દિવસ નથી, પરંતુ નવા અઠવાડિયાની સુંદર શરૂઆત માટે પોતાને તૈયાર કરવાનો દિવસ પણ છે. જો રવિવારે કેટલીક સારી આદતો અપનાવવામાં આવે તો આખું અઠવાડિયું વધુ સુવ્યવસ્થિત, ઉત્સાહભર્યું અને આનંદમય બની શકે છે.**

1. દિવસની શરૂઆત પ્રાર્થના અથવા ધ્યાનથી કરોથોડી મિનિટો પ્રાર્થના, ધ્યાન અથવા યોગ કરવાથી મન શાંત રહે છે અને સકારાત્મક ઊર્જાનો અનુભવ થાય છે.

2. પરિવાર સાથે સમય વિતાવોવ્યસ્ત જીવનમાં પરિવાર સાથે હળવી વાતચીત, ભોજન અથવા નાની મુલાકાત સંબંધોને વધુ મજબૂત બનાવે છે.

3. સારા પુસ્તકનું વાંચન કરોરોજ નહીં તો અઠવાડિયામાં એક દિવસ પ્રેરણાદાયી પુસ્તક વાંચવાની આદત જ્ઞાન અને વિચારશક્તિમાં વધારો કરે છે.

4. મોબાઈલથી થોડો વિરામ લોસોશિયલ મીડિયાથી થોડા કલાક દૂર રહીને કુદરત, પરિવાર અને પોતાની સાથે સમય વિતાવો.

5. આગામી અઠવાડિયાનું આયોજન કરોઆવનારા અઠવાડિયાના મહત્વના કામોની યાદી બનાવી લેવાથી સમયનું સારું આયોજન થઈ શકે છે.

6. શરીરની કાળજી લોવૉક, યોગ, કસરત અથવા કોઈ રમત દ્વારા શરીરને સક્રિય રાખો.

7. કોઈ નવી બાબત શીખોનવી ભાષા, નવી કળા અથવા કોઈ ઉપયોગી કૌશલ્ય શીખવાનો પ્રયત્ન કરો.8. સેવા અને સહાયની ભાવના રાખોકોઈ જરૂરિયાતમંદની મદદ કરો અથવા સમાજ માટે નાનું પણ સારું કાર્ય કરો. સાચો આનંદ વહેંચવામાં છે.

9. પોતાનું આત્મમંથન કરોગયા અઠવાડિયામાં શું સારું કર્યું અને ક્યાં સુધારાની જરૂર છે તે અંગે થોડો વિચાર કરો.

10. હંમેશા હસતા રહો અને આભારી બનોજીવનમાં જે મળ્યું છે તેના માટે ઈશ્વરનો આભાર માનો અને સ્મિત સાથે નવા અઠવાડિયાનું સ્વાગત કરો.

**સંદેશ** રવિવાર માત્ર રજા નથી, પરંતુ જીવનને વધુ સુંદર, સુવ્યવસ્થિત અને સફળ બનાવવાનો અવસર છે. નાની-નાની સારી આદતો મોટા પરિવર્તન લાવી શકે છે. આ રવિવારથી એક નવી સારી આદત શરૂ કરો અને દરેક અઠવાડિયે પોતાનામાં એક સકારાત્મક બદલાવ અનુભવતા જાઓ.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 19/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# મકાન વેચવાનું છે...


૩ રૂમ, હોલ, કીચન,
દાદર કેબીન પેસેજ,
ફરતે જગ્યા તેમજ ફળીયાવાળુ,
૫૦x૫૦ ના પ્લોટમાં
બાંધકામ કરેલુ, ફુલ્લી ફર્નિચર
મકાન વેચવાનું છે.


ગાયત્રી સોસાયટી, આંખની હોસ્પિટલની પાછળ

સંપર્ક : મો. 9167404040

તારીખ : 19/07/2026

# અમદાવાદ મહેમુદપુરા ફટાકડા ફેક્ટરીમાં ભીષણ આગ : 8 લોકોના કરૂણ મોત

અમદાવાદના રામોલ-ગાતરાડ રોડ પર આવેલા મહેમુદપુરા વિસ્તારની એક ફટાકડા ફેક્ટરીમાં બપોરે 3:30 વાગ્યાની આસપાસ ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં ૮ થી ૯ લોકોના કરુણ મોત નિપજ્યા છે અને ૧૫ થી વધુ શ્રમિકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે એલ.જી. અને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.વધુ માહિતી મુજબ અમદાવાદના મહેમુદપુરા વિસ્તારમાં આવેલી ટેલેન્ટ ફટાકડા ફેક્ટરીમાં શનિવારે ભીષણ આગ લાગતાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. પ્રાથમિક માહિતી અનુસાર આગની ઘટનામાં અત્યાર સુધી 8 લોકોના કરુણ મોત થયા છે, જ્યારે 15થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.આ દુર્ઘટના ગતરાડ રોડ પર આવેલી ફટાકડા ફેક્ટરીમાં બની હતી. આગ લાગ્યા બાદ ફેક્ટરીમાંથી સતત ધડાકાના અવાજો સંભળાતા આસપાસના વિસ્તારમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની અનેક ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવવાની તેમજ ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવાની કામગીરીમાં જોડાઈ હતી.પોલીસ, જિલ્લા વહીવટી તંત્ર અને અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચીને સમગ્ર પરિસ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યા છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી અને સંબંધિત વિભાગો દ્વારા ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે.આ



દુર્ઘટનામાં થયેલી જાનહાનિ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઊંડો શોક વ્યક્ત કર્યો છે તેમજ ઈજાગ્રસ્તો ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરી છે. પ્રભાવિત પરિવારોને તમામ જરૂરી સહાય પૂરી પાડવા માટે સ્થાનિક વહીવટી તંત્રને સૂચના આપવામાં આવી છે.વડાપ્રધાન રાષ્ટ્રીય રાહત ફંડમાંથી મૃતકોના પરિવારજનોને રૂ. 2 લાખ અને ઈજાગ્રસ્તોને રૂ. 50 હજારની આર્થિક સહાય જાહેર કરવામાં આવી છે. ઉપરાંત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા રાજ્ય સરકાર તરફથી મૃતકોના પરિવારને રૂ. 4 લાખ અને ઈજાગ્રસ્તોને રૂ. 50 હજારની સહાયની જાહેરાત કરવામાં આવી છે.આ દુર્ઘટનાએ સમગ્ર રાજ્યને શોકમાં ગરકાવ કરી દીધું છે. ઘટનાના કારણોની તપાસ પૂર્ણ થયા બાદ વધુ વિગતો બહાર આવે તેવી શક્યતા છે.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 19/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## ઉધઈથી બચો...

* ઘર, દુકાન, ઓફીસમાં ઉધઈ પેસ્ટ કંટ્રોલ કરી આપવામાં આવશે.
* વંદા તથા માકડનું કામ કરી આપીશું.
* ગેરંટીપુર્વક કામ કરી આપવામાં આવશે.

**૧૦ વર્ષની ગેરંટી આપવામાં આવશે.**

## અંજલી પેસ્ટ કંટ્રોલ

આદિત્યભાઈ - મો. 95103 97362
મણીનગર, તારવાડી પાસે, અમરેલી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...






કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

ફ્રેન્ડ્સ NEWS
તારીખ : 19/07/2026

# અમરેલી જિલ્લાના ખેડૂતોએ એ.જી.આર. - ૫૦, ખેતીના ભારે સાધનો (ટ્રેક્ટર)ની ખરીદી માટે સહાય ચુકવણા દરખાસ્ત નિયત સમય મર્યાદામાં રજુ કરવી

અમરેલી તા. ૧૮ જુલાઈ,૨૦૨૬ (શનિવાર) - વર્ષ ૨૦૨૬-૨૭ માં એ.જી.આર.-૫૦, ખેતીના ભારે સાધનો (ટ્રેક્ટર) યોજના અન્વયે જિલ્લાના ખેડૂતોએ પૂર્વમંજૂરી મેળવેલ છે. તેવા તમામ લાભાર્થીઓએ સરકારશ્રીના ઠરાવની શરતો મુજબ એમપેનલ થયેલ મોડલ પૈકીના મોડેલ વાળા ટ્રેક્ટરની ખરીદી કરી, ટ્રેક્ટર પાસિંગ કરાવી તેમજ પૂર્વમંજૂરી માં દર્શાવેલ લાગુ પડતા ડૉક્યુમેન્ટ્સ જેમ કે ટ્રેક્ટર ખરીદી બીલ(અસલ),નાણા ભર્યા પહોંચ, ઈ-વે બીલ(લાગુ પડતું હોય તે કિસ્સામાં), આર.ટી.ઓ.ની આર.સી.બુક.(સ્માર્ટ કાર્ડની નકલ), વીમા પોલીસીની નકલ, ખેતીવાડીના માન્ય મોડેલ સાથે એમપેનલ ભાવ વાળી નકલ, આઈ ખેડૂત પોર્ટલ પરની ડીલર યાદી, આઈ ખેડૂત પોર્ટલ પરની સહી સાથેની ખેડૂત અરજી, પૂર્વમંજૂરી નકલ, ૮-અ (અસલ), સંયુક્ત નામે જમીન હોય તો સંમતિ પત્રક, કબુલાતનામું, સ્વ ઘોષણા પત્રક, સહાયના નાણાની એડવાન્સ સ્ટેમ્પ રસીદ, આધાર કાર્ડની નકલ, કેન્સલ ચેક/બેંક પાસ બુકની નકલ, ટ્રેક્ટર સાથે અરજદારનો ફોટો, દિવ્યાંગ પ્રમાણપત્ર(લાગુ પડતું હોય તો), જાતિનો દાખલો(લાગુ પડતા કિસ્સામાં) વગેરે સાધનીક કાગળો માન્ય કરેલ દરખાસ્ત નમૂના સાથે જે તે તાલુકા કક્ષાએ પૂર્વમંજૂરી તારીખથી ૬૦ દિવસની મર્યાદામાં ખેતીવાડી કચેરીએ ગ્રામસેવકશ્રી(ખેતી)/ વિસ્તરણ અધિકારીશ્રી(ખેતી)ને રજુ કરવાના રહેશે. તેમજ ડોક્યુમેન્ટ્સ આઈ.ખેડૂત ૨.૦ પોર્ટલ માં અપલોડ કરવાના રહેશે. ખેડૂત દ્વારા આઈ ખેડૂત પોર્ટલ પર ડોક્યુમેન્ટ્સ અપલોડ કરેલ હશે તો જ દરખાસ્ત માન્ય રહેશે. અન્યથા આપેલ દરખાસ્ત દફતરે(ફાઈલે) કરવામાં આવશે.વધુમાં અરજદાર દ્વારા ટ્રેક્ટર ખરીદી ડોક્યુમેન્ટ્સ પૂર્વમંજૂરી મળ્યેથી દિન – ૬૦ માં રજુ કરવામાં નહીં આવે તો આ યોજનામાં સહાય મેળવવા માંગતા નથી, તેવું માનીને આપની પૂર્વમંજૂરી અને અરજીને દફતરે(ફાઈલે) કરવામાં આવશે. જેની સઘળી જવાબદારી અરજદારની રહેશે અને તે બાબતે સહાય માટે કોઈ દાવો કે માંગણી કરી શકાશે નહીં. એ.જી.આર.-૫૦ ખેતીના ભારે સાધનો(ટ્રેક્ટર) યોજનામાં પૂર્વમંજૂરી મેળવેલ તમામ ખેડૂતોએ આ બાબતે નોંધ લેવી તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કે.ડે NEWS
તારીખ : 19/07/2026

# ભારત–ઈંગ્લેન્ડ નિર્ણાયક વન-ડે આજે: રોહિત શર્માના ભવિષ્ય અંગે અટકળો વચ્ચે BCCIએ કરી સ્પષ્ટતા




નવી દિલ્હી: ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની નિર્ણાયક વન-ડે મેચ આજે બપોરે 3:30 વાગ્યાથી રમાશે. મેચ પહેલાં ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માના ભવિષ્યને લઈને સોશિયલ મીડિયા અને વિવિધ અહેવાલોમાં અનેક અટકળો ચાલી રહી છે.અહેવાલોમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે પસંદગી સમિતિના અધ્યક્ષ અને ટીમ મેનેજમેન્ટે રોહિત શર્માને આગામી વિશ્વકપની યોજનાઓ અંગે કોઈ ખાતરી આપી નથી. એવી પણ ચર્ચા હતી કે રોહિત 2027ના વિશ્વકપની ટીમની યોજનામાં સામેલ નહીં હોય, જેના કારણે તેમની નિવૃત્તિ અંગેની અટકળોએ વધુ જોર પકડ્યું હતું.આ તમામ ચર્ચાઓ વચ્ચે ભારતીય ક્રિકેટ નિયામક મંડળ (BCCI)ના સચિવે સત્તાવાર નિવેદન જાહેર કરીને સ્થિતિ સ્પષ્ટ કરી છે. તેમણે જણાવ્યું કે મીડિયામાં ચાલી રહેલા અહેવાલો અને સોશિયલ મીડિયા પરની અટકળોમાં કોઈ સત્તાવાર સત્યતા નથી.નિવેદન મુજબ, "રોહિત શર્માની લોર્ડ્સ ખાતે રમાનારી મેચ તેમની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ હશે અથવા તેમના ભવિષ્ય અંગે કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો છે તેવી કોઈ ચર્ચા થઈ નથી."BCCIએ વધુમાં સ્પષ્ટ કર્યું કે રોહિત શર્મા ભારતીય વન-ડે ટીમનો મહત્વનો હિસ્સો છે અને જ્યાં સુધી તેઓ ટીમની યોજનાઓમાં યોગ્ય રીતે ફિટ બેસે છે, ત્યાં સુધી દેશનું પ્રતિનિધિત્વ કરતા રહેશે. જોકે, 2027ના વિશ્વકપ અંગે કોઈ સત્તાવાર ખાતરી આપવામાં આવી નથી.હવે ક્રિકેટપ્રેમીઓની નજર ભારત–ઈંગ્લેન્ડ વચ્ચેની નિર્ણાયક વન-ડે મેચ પર રહેશે, જ્યાં ટીમ ઈન્ડિયા શ્રેણી પોતાના નામે કરવાની કોશિશ કરશે, જ્યારે રોહિત શર્માના ભવિષ્ય અંગેની અટકળો વચ્ચે તેમની રમત પણ ચર્ચાનું કેન્દ્ર બનશે.

તારીખ : 19/07/2026

# જિલ્લાના લાઠી તાલુકામાં APMC ખાતે પ્રાકૃતિક કૃષિ ખેત પેદાશ વેચાણ કેન્દ્રનો પ્રારંભ

અમરેલી તા. ૧૮ જુલાઈ,૨૦૨૬ (શનિવાર)- રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે અને ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પેદાશોના યોગ્ય બજારભાવ સાથે સીધો વેચાણનો લાભ મળે તે હેતુથી ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ સ્ટાફ, આત્મા પ્રોજેક્ટ સ્ટાફના સંયુક્ત ઉપક્રમે અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના APMC ખાતે પ્રાકૃતિક કૃષિ ખેત પેદાશ વેચાણ કેન્દ્રનો ભવ્ય શુભ પ્રારંભ કરવામાં આવ્યો.ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સ્થિત ફાર્મર શેડ વિભાગ -૧ માં વેચાણ કેન્દ્રનું ઉદ્ઘાટન A P M C ના ચેરમેન શ્રી દકુભાઈ પડસાલાના હસ્તે કરવામાં આવ્યું. પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે છે, ઉત્પાદનની ગુણવત્તામાં વધારો થાય છે, માનવ સ્વાસ્થ્યનું રક્ષણ થાય છે તેમજ પર્યાવરણનું સંવર્ધન થાય છે. ખેડૂતો દ્વારા ઉત્પાદિત પ્રાકૃતિક કૃષિ પેદાશો ગ્રાહકો સુધી સીધું પહોંચે અને ખેડૂતોને પોષણક્ષમ ભાવ પ્રાપ્ત થાય તે માટે આવા વેચાણ કેન્દ્રો અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.આ વેચાણ કેન્દ્રમાં પ્રમાણિત પ્રાકૃતિક ખેતી હેઠળ ઉત્પાદિત વિવિધ અનાજ, કઠોળ, મસાલા, તેલીબિયાં, ગોળ, દેશી ગાયનું ઘી, આયુર્વેદિક ઉત્પાદનો, ફળો, શાકભાજી તેમજ અન્ય મૂલ્યવર્ધિત પ્રાકૃતિક ઉત્પાદનો ગ્રાહકોને એક જ સ્થળે ઉપલબ્ધ રહેશે.ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, આત્મા (ATMA) દ્વારા જિલ્લા તેમજ લાઠી તાલુકાના તમામ નાગરિકોને આ વેચાણ કેન્દ્રની મુલાકાત લઈ પ્રાકૃતિક કૃષિ પેદાશોની ખરીદી કરીને ખેડૂતોને પ્રોત્સાહન આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.આ કાર્યક્રમમાં પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના માસ્ટર ટ્રેનર તેમજ લાઠી તાલુકાના બ્લોક ટેકનોલોજી મેનજર અને ખેતી મદદનીશ તેમજ તાલુકા ખેતીવાડીના અધિકારીશ્રી તેમજ અન્ય પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો જેમકે ભરતભાઈ ચોવટીયા, કાળુભાઈ હુંબલ, રસિકભાઈ તળાવીયા તેમજ કૃષિ સખી/C R P ઉપસ્થિત રહ્યા હતા.

KD NEWS

# દેશમાં ચાઈનીઝ સ્માર્ટફોનની બજાર હિસ્સેદારી ઘટી



## 6 વર્ષમાં સૌથી ઓછી થઈ

**15000 રૂપિયાથી સસ્તા ફોનની વેચાણ 45% ઘટ્યું**

### ક્વાર્ટરના મુખ્ય ટ્રેન્ડ

- એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં ચાઈનીઝ બ્રાન્ડ્સનો બજાર હિસ્સો ઘટીને 6 વર્ષના નીચલા સ્તરે (18% સુધી) આવી ગયો.
- સ્માર્ટફોનનું કુલ વેચાણ વર્ષિક ધોરણે 10% ઘટ્યું, જે છેલ્લા 6 વર્ષમાં જૂન-ક્વાર્ટરનો સૌથી ઝડપી ઘટાડો છે.
- 15,000 રૂપિયાથી સસ્તા ફોનનું વેચાણ 45% ઘટી ગયું.
- ઘટાડાનું મુખ્ય કારણ: મેમરી ચિપ (ડેટા સ્ટોર કરતો ભાગ) ની કિંમતોમાં ઉછાળો.

### આઉટલુક : આખા વર્ષમાં વેચાણ 13% ઘટી શકે છે

- સપ્ટેમ્બર, 2025 સુધી સ્માર્ટફોનમાં વપરાતી મેમરી ચિપની કિંમતો લગભગ 4 ગણી વધી ગઈ છે.
- કિંમતો વધવાને કારણે એપ્રિલ-જૂનમાં સ્માર્ટફોનની સરેરાશ કિંમતો લગભગ 15% વધી.
- આગામી મહિનાોમાં કિંમતો 5 ગણી સુધી વધી શકે છે.
- આ જોતાં કાઉન્ટરપોઈન્ટનો અંદાજ છે કે આ વર્ષે સ્માર્ટફોનનું કુલ વેચાણ 13% ઘટી શકે છે.

### ટોપ-5 બ્રાન્ડ્સનું પરફોર્મન્સ (એપ્રિલ-જૂન ક્વાર્ટર)

| SAMSUNG | NOTHING | Pixel | mi | oppo |
|---|---|---|---|---|
| વેચાણમાં વધારો | વેચાણમાં વધારો | વેચાણમાં વધારો | વેચાણમાં ઘટાડો | વેચાણમાં ઘટાડો |
| 2% | 105% | 68% | -23% | -22% |
| ગેલેક્સી A અને S સિરીઝની મજબૂત માંગ | નથિંગ સૌથી ઝડપથી વિકસતી બ્રાન્ડ | આક્રમક માર્કેટિંગ અને સ્થિર કિંમતોના જોરે ઉછાળો | | |

### કેમ થયો ઘટાડો?

- મેમરી ચિપની કિંમતોમાં ભારે ઉછાળો
- સ્માર્ટફોનની કિંમતોમાં લગભગ 15% વધારો
- ગ્રાહકોની ખરીદી ક્ષમતામાં ઘટાડો
- ખાસ કરીને લો-બજેટ સેગમેન્ટમાં માંગ ઓછી

### ચાઈનીઝ બ્રાન્ડ્સ પર અસર શા માટે વધુ?

- ઓપો, વીવો, શઓમી, રિયલમી, વનપ્લસ, આઈક્યૂ અને પોકો જેમના મોટા ભાગના ફોન 15,000 રૂપિયાથી સસ્તા સેગમેન્ટ પર આધારિત.
- કિંમત વધારની સીધી અસર આ સેગમેન્ટમાં જોવા મળી.
- આ કારણે તેમનો બજાર હિસ્સો 2020 પછી સૌથી નીચલા સ્તરે.

ભવિષ્યમાં મેમરી ચિપની કિંમતો અને માંગ પર બજારનો ટ્રેન્ડ નિર્ભર રહેશે,
પરંતુ હાલણમાં પ્રીમિયમ અને નવી બ્રાન્ડ્સને મળી રહ્યો છે ફાયદો!

તારીખ : 19/07/2026

# અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

## ધારાસભ્ય સર્વશ્રી મહેશભાઈ કસવાલા અને શ્રી જનક ભાઈ તળાવીયાની પ્રેરક ઉપસ્થિતિ

અમરેલી તા. ૧૮ જુલાઈ, ૨૦૨૬ – અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી, વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અમરેલી જિલ્લાના લાઠી-બાબરા મતવિસ્તારના ધારાસભ્યશ્રી, જનકભાઈ તળાવિયા અને સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્યશ્રી, મહેશભાઈ કસવાલાની પ્રેરક ઉપસ્થિતિમાં જનપ્રતિનિધીઓના પ્રશ્નોનું હકારાત્મક નિવારણ થયું હતું. આ બેઠકમાં અમરેલી જિલ્લા કલેક્ટરશ્રીએ રાજ્યકક્ષાના સ્વાતંત્ર્યદિન કાર્યક્રમની સમીક્ષા કરી હતી. રાજ્ય સરકાર દ્વારા અમરેલીમાં યોજનાર ૧૫મી ઓગસ્ટની રાજ્યકક્ષાની ઉજવણી થવાની છે. અમરેલી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આ પર્વની ઉજવણી માટે માઈક્રોપ્લાનિંગ સાથે તૈયારી શરૂ કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજે વિવિધ વિભાગોને સૂચનાઓ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આજથી અમરેલી શહેરમાં સઘન સફાઈ ઝુંબેશ શરૂ કરવામાં આવે. અમરેલી શહેરના વિવિધ વોર્ડમાં સઘન સફાઈ કાર્ય કરવાનું રહેશે. આ ઉપરાંત સંબંધિત વિભાગો અને સમિતિઓ પોતાનું માઈક્રોપ્લાનિંગ સાથે કામગીરી આગળ વધારે. તેમણે જણાવ્યું હતું કે, અમરેલી માટે રાજ્ય કક્ષાની ઉજવણી ગૌરવની બાબત છે. આ માટે સમગ્ર ટીમ અમરેલી સંકલનથી આ પર્વને સફળ બનાવશે. અમરેલી શહેરમાં સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ યોજાનાર એટ હોમ કાર્યક્રમ અને રાજ્ય કક્ષાના સાંસ્કૃતિક કાર્યક્રમના સુચારૂ આયોજન અને કલાકારોની પસંદગી સહિતની સૂચનાઓ આપવામાં આવી હતી. સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે અમરેલી શહેરને નયમરમ્ય રોશનીથી શણગારવામાં આવશે. આ બેઠકમાં ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, કે.જે.જાડેજા, પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાત, નાયબ વનસંરક્ષકશ્રી ગીરપૂર્વ વિકાસ યાદવ, સુપ ન્યૂમરરી આસિસ્ટન કલેક્ટરશ્રી હર્ષિતા ગોયલ, નિવાસી અધિક કલેક્ટરશ્રી દિલિપસિંહ ગોહિલ, પ્રાંત અધિકારીશ્રી, અમરેલી, લાઠી, ધારી, સારકુંડલા, બગસરા, નાયબ કલેક્ટર સર્વશ્રી પુરવઠા, સ્ટેમ્પ ડ્યૂટી અને મુલ્યાંકન તંત્ર તેમજ વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી ખાતે યોજાનાર ૧૫ ઓગસ્ટની રાજ્યકક્ષાની ઉજવણીની સમીક્ષા કરતા જિલ્લા કલેક્ટરશ્રી

પ્રચાર નહીં તો વેપાર નહીં...

પ્રકાશ પ્રિન્ટર્સ

## તમારા બિઝનેસ લોગો અને ડિજિટલ સાથે

# પોસ્ટર મેળવો

માત્ર **249** 1 વર્ષ માટે

બેસ્ટ ઓફર

7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ +
1 કસ્ટમ ફ્રેમ (આપની ચોઇસની)

વોટ્સેપ + ફેઇસબુક + ઇન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે




- ફેસ્ટીવલ ઈમેજ
- ગુડ મોર્નિંગ પોસ્ટ
- ગુડ નાઈટ પોસ્ટ
- બર્થ ડે પોસ્ટ
- પોલીટીકલ પોસ્ટ
- સુવિચાર પોસ્ટ
- મોટીવેશનલ પોસ્ટ
- સ્પેશ્યલ કેટેગરી

સુપ્રસિદ્ધ સ્થાનીક સંતો મહંતોના જન્મ જયંતી તેમજ જન્મદિવસની પોસ્ટ સમાવેશ

2 દિવસે ડેમો ફ્રી

## સાથે મેળવો

અમરેલી જિલ્લાની વોટ્સેપ
તેમજ કોલીંગ ડીરેક્ટરી
અને આપનું પ્રિય પ્રકાશ મેળવો ....




દર મહિને ડ્રો કરી બે વિજેતાઓને (મેમ્બસીપ લીધેલ)
આકર્ષક ગીફ્ટ આપવામાં આવશે.

તો આજેજ કૉલ કરો અને ઓફરનો લાભ લો!

# PRAKASH PRINTERS

વધારે માહિતી માટે સંપર્ક કરો  Mo. 9409545745

# ‘વાઈસ સિટી’થી ‘GTA 6’ ગેમિંગનું ગાંડપણ અને અબજો ડોલરનું અર્થતંત્ર

KID NEWS




**મારિયો અને કોન્ટ્રાથી શરૂ થયેલી સફર આજે VR સુધી પહોંચી. ગેમિંગ હવે દુનિયાનું સૌથી ઝડપથી વિકસતું મનોરંજન અને ટેક ઈન્ડસ્ટ્રી!**

## ગેમર્સની સાઈકોલોજી : તેમના મગજમાં શું ચાલતું હોય છે?

**ડોપામાઈનની ‘રિવોર્ડ લૂપ’**
લેવલ પાર કરવું, ખજાનો મેળવવો કે ‘ચિકન ડિનર’ જીતવાથી મગજમાં ડોપામાઈન રિલિઝ થાય છે, જે ફીલ-ગુડ આપે છે.

**ત્વરિત સંતોષ**
અસલી જિંદગીમાં વર્ષોની મહેનત જે પરિણામ આપે, તે ગેમમાં મિનિટોમાં મળી જાય છે.

**એસ્કેપિઝમ (તણાવમાંથી મુક્તિ)**
સ્ટ્રેસ, પ્રેશર અને સમસ્યાઓથી દૂર ગેમિંગ એક ‘વર્ચ્યુઅલ સેફ સ્પેસ’ આપે છે.

## ગેમિંગ ઈન્ડસ્ટ્રી : હોલીવુડથી પણ મોટી!

2025માં ગેમિંગ ઈન્ડસ્ટ્રીની આવક
**188.8 અબજ ડોલર**

2026માં અંદાજિત આવક
**205 અબજ ડોલર**
(લગભગ 16 લાખ કરોડ રૂપિયા)

દુનિયાનું એક્ટિવ ગેમર્સ
**3.6 અબજ**
(દુનિયાની લગભગ અડધી ઓનલાઈન વસ્તી)

માઈક્રોટ્રાન્ઝેક્શન અને બેટલ પાસથી ફ્રી ગેમ્સ પણ કરે છે કરોડોની કમાણી!

## ભારતનું ગેમિંગ બૂમ



- લગભગ 60 કરોડ એક્ટિવ ગેમર્સ
- વાર્ષિક 9%ના દરે સતત વધારો
- મોબાઈલ ગેમ ડાઉનલોડમાં ભારત, ચીન પછી બીજા નંબરે
- 2026 સુધીમાં માર્કેટ ₹41,000 થી ₹49,000 કરોડ સુધી પહોંચી શકે
- 70% ફાળો સ્માર્ટફોન ગેમ્સનો
- ગુજરાત અને મહારાષ્ટ્રમાં ગેમિંગનો બોલબાલા

## ઈ-સ્પોર્ટ્સનો ઉદય

એશિયન ગેમ્સમાં ઈ-સ્પોર્ટ્સ મેડલ ઈવેંટ બન્યું, ઓલિમ્પિકમાં પણ વિચારાધીન.




ગેમ આધારિત વેબ સિરીઝ ‘The Last of Us’, ‘Fallout’ની અપાર સફળતા.

ભારતમાં ગેમ સ્ટ્રીમર્સ, પ્રો-ગેમર્સ અને કન્ટેન્ટ ક્રિએટર્સ લાખો-કરોડો રૂપિયા કમાઈ રહ્યા છે.

ભારતમાં 2,000+ ગેમિંગ કંપનીઓ 1.3 લાખથી વધુ પ્રોફેશનલ્સને રોજગારી આપી રહી છે.

## સિક્કાની બીજી બાજુ : અતિરેક અને ડાર્ક પેટર્ન

**ગેમિંગ ડિસઓર્ડર**
WHOએ ‘Gaming Disorder’ને માનસિક સ્વાસ્થ્યની બીમારી ગણાવી છે. ગેમ પાછળ ગાંડા થઈને ઊંઘ, ખોરાક, ભણતર અને સંબંધોની અવગણના થાય છે.

**આરોગ્ય પર અસર**
લાંબા સમય સુધી સ્ક્રીન સામે રહેવાથી આંખોમાં ખેંચાણ, સ્થૂલતા, ઊંઘ ન આવવી જેવી સમસ્યાઓ વધી રહી છે.

**પૈસા ખર્ચવાની લત**
માઈક્રોટ્રાન્ઝેક્શન અને ઈન-ગેમ ખરીદીને કારણે બાળકો અને યુવાનોમાં પૈસા ખર્ચવાની આદત વધી રહી છે.

**ટોક્સિસિટી અને સાયબર હેરેસમેન્ટ**
ઓનલાઈન ગેમિંગ કમ્યુનિટીમાં ગાળાગાળી, હેરેસમેન્ટ અને નકારાત્મક વર્તન જેવી સમસ્યાઓ ઘણી માત્રામાં જોવા મળે છે.



**ગેમિંગ હવે માત્ર મનોરંજન નથી, એ છે નવી સંસ્કૃતિ, વિશાળ ઈન્ડસ્ટ્રી અને કારકિર્દીની દુનિયા.**
**સ્ક્રીન ટાઈમ અને રિયલ લાઈફ વચ્ચે સંતુલન જાળવો!**



કે.ડી. NEWS
તારીખ : 19/07/2026

# અમર ક્રાંતિકારી શહીદ મંગલ પાંડેની આજે જન્મ જયંતી



ભારતના સ્વાતંત્ર્ય સેનાની અને 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામના પ્રખર ક્રાંતિકારી શહીદ મંગલ પાંડેની જન્મજયંતિ નિમિત્તે દેશભરમાં તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.મંગલ પાંડેનો જન્મ 19 જુલાઈ, 1827ના રોજ ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લામાં થયો હતો. બ્રિટિશ શાસન સામે બળવો પોકારી તેમણે સ્વાતંત્ર્ય ચળવળને નવી દિશા આપી હતી. 1857ના સંગ્રામમાં તેમના શૌર્ય, દેશપ્રેમ અને બલિદાનને ભારતના સ્વાતંત્ર્ય ઈતિહાસમાં અવિસ્મરણીય સ્થાન પ્રાપ્ત થયું છે.તેમની જન્મજયંતિ નિમિત્તે વિવિધ સ્થળોએ તેમના ચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના જીવનપ્રસંગોને યાદ કરવામાં આવ્યા હતા. વક્તાઓએ જણાવ્યું હતું કે મંગલ પાંડેનું શૌર્ય, રાષ્ટ્રપ્રેમ અને બલિદાન આજની પેઢી માટે પ્રેરણાસ્ત્રોત છે. દેશ માટે જીવવાની અને રાષ્ટ્રહિતને સર્વોચ્ચ સ્થાન આપવાની તેમની ભાવના દરેક નાગરિક માટે અનુસરવા જેવી છે.

તારીખ : 19/07/2026

# આઈ.ટી.આઈ. રાજુલા ખાતે રોજગારલક્ષી વ્યવસાયોમાં પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો માટે બીજા રાઉન્ડની મહત્વપૂર્ણ તક

અમરેલી તા. ૧૮ જુલાઈ,૨૦૨૬ (શનિવાર) - રાજુલા આઈ.ટી.આઈ.માં વર્ષ-૨૦૨૬ના પ્રવેશ માટે પ્રથમ રાઉન્ડના અંતે વાયરમેન, ફિટર, વેલ્ડર, કોપા, મિકેનિક ડીઝલ, પ્લમ્બર, સુઈંગ ટેકનોલોજી ટ્રેડમાં ખાલી રહેલી બેઠકો માટે બીજા રાઉન્ડની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. બીજા રાઉન્ડ માટે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની, આઈ. ટી. આઈ. ખાતે ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવી અરજી રજીસ્ટર કરાવવી, ઓનલાઈન રજીસ્ટ્રેશન ફી ભરવાની, ઓનલાઈન ચોઈસ ફીલીંગ કરવાની, પ્રવેશ ફોર્મમાં હેલ્પ સેન્ટર ખાતેથી સુધારા વધારા કરવાની તથા પ્રથમ રાઉન્ડમાં કન્ફર્મ કરેલ ઉમેદવારને બીજા રાઉન્ડમાં ભાગ લેવા ઓનલાઈન કન્સેન્ટ આપવાની તારીખ તા. ૧૯/૦૭/૨૦૨૬ બપોરે ૩ કલાકથી તા. ૨૨/૦૭/૨૦૨૬ સાંજે ૫ કલાક સુધી રહેશે. બીજા રાઉન્ડ માટે ઓનલાઈન અરજી કરનાર દિવ્યાંગ ઉમેદવારોએ તા. ૨૦ જુલાઈ થી તા. ૨૨ જુલાઈ દરમિયાન V R C , અમદાવાદ ખાતે ટ્રેડ સ્યુટેબીલીટી પ્રમાણપત્ર મેળવવાની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે. પ્રવેશ ઈચ્છુક તમામ ઉમેદવારોને નિયત સમયમર્યાદામાં ઓનલાઈન અરજી તેમજ અન્ય જરૂરી કાર્યવાહી પૂર્ણ કરવા અનુરોધ આઈ.ટી.આઈ રાજુલાની યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

KD NEWS

# પાલતુ પ્રાણીઓ સાથે પ્રવાસ કરવાનો ટ્રેન્ડ



વર્તમાન સમયમાં ઘણી જગ્યાએ 'પેટ ફ્રેન્ડલી' વાતાવરણ ઊભું કરવામાં આવે છે, જેથી પ્રવાસીઓ પોતાના વહાલા સજીવોને સાથે લઈને આવી શકે.

ગ્રાન્ડ વ્યૂ રિસર્સ અનુસાર વર્તમાનરાં જાનવરોને સાચવવાનું આ માર્કેટ સાડા આઠ અબજ ડોલરનું છે અને આવનારા એક દાયકામાં તે **15 અબજને પાર** કરી જશે.

## પાલતુ પ્રાણીઓ સાથેના પ્રવાસના પ્રકાર કેટલા?

### 1 રોડ ટ્રિપ

પ્રાણીઓને કલાકો સુધી એક જગ્યાએ બેસી રહેવું ગમતું નથી. માટે વચ્ચે થોભી તેમને આરામ આપી શકાય.

બેચેન પાલતુ પ્રાણીઓ અથવા મોટા કૂતરાઓ માટે રોડ ટ્રિપ આદર્શ ગણાય છે.



### 2 કુદરતના ખોળે

પ્રકૃતિમાં આવતા જ પ્રાણીઓમાં અનોખી ઉર્જાનો સંચાર થાય છે.

જંગલના રસ્તાઓ, તળાવો અને ખૂલી જગ્યાઓ તેમને માટે સૌથી યોગ્ય છે.

ગોવા, ગોકર્ણ, કુર્ગ, પોડિચેરી, મનાલી અને કસોલ જેવા સ્થળો લોકપ્રિય છે.



### 3 ખાસ પ્રાણીઓ માટેનું વેકેશન

જ્યાં તેમને ફાવે એવું ભોજન, વાતાવરણ, ફરવાના સ્થળ, મુસાફરી, હોટલ સહિત બધી સુવિધાઓ ઉપલબ્ધ હોય છે.




## ભારતમાં ટ્રેન અને ફ્લાઈટ્સમાં જાનવરોને લઈ જવા શું કરવું?

### ફ્લાઈટમાં

- એર ઈન્ડિયા, વિસ્તારા અને અકાસા એરલાઈન્સ ડોમેસ્ટિક રૂટમાં પરવાનગી આપે છે.
- 10 કિલો વજન સુધીના પ્રાણીને કેબિનમાં સીટ નીચેના બોક્સમાં મુકવાની છૂટ.
- મોટા પ્રાણીઓને ખાસ દબાણયુક્ત કાર્ગો વિસ્તારમાં મુકવામાં આવે છે.
- અગાઉથી બુકિંગ કરીને એરલાઈન્સને જાણ કરવી.



### ટ્રેનમાં

- ફર્સ્ટ ક્લાસ કેબિનમાં પ્રાણી સાથે લઈ જઈ શકાય છે.
- નાનકડા પ્રાણીને બાસ્કેટમાં મૂકી સીટ નીચે બેસાડી શકાય.
- મોટા પ્રાણીને આરામદાયક પાંજરામાં પેક કરી ગાર્ડના ડબ્બામાં બેસાડવાનો નિયમ છે.
- અન્ય મુસાફરોને તકલીફ ન પડે તેની સંપૂર્ણ જવાબદારી માલિકની રહેશે.

## જાનવરો સાથે ફરવામાં અન્ય ધ્યાન રાખવાની બાબતો

- સફરમાં નીકળતા પહેલાં રસીકરણ, આરોગ્ય પ્રમાણપત્ર અને પશુચિકિત્સક પાસેથી 'ઉડવા માટે યોગ્ય' પ્રમાણપત્ર જરૂરી.
- ફ્લાઈટમાં સીમત સંખ્યામાં જાનવરોની પરવાનગી હોય છે, માટે બુકિંગ અગાઉથી કરો.
- જાનવરોનું ભોજન, પાણીનું વાસણ, મનપસંદ રમકડું, ફર્સ્ટ એઈડ કિટ સાથે રાખવું.
- પ્રાણી ખોવાઈ ન જાય તે માટે ટ્રેકિંગ કોલર, ઓળખપત્ર અને માઈક્રોચિપનો ઉપયોગ કરવો.
- દરેક વખત સાથે લઈ જવું જરૂરી નથી. બોર્ડિંગ હાઉસ અથવા કેરટેકરની મદદ પણ લઈ શકાય.



ગેમિંગ હવે માત્ર મનોરંજન નથી, એ એક વિશાળ ઉદ્યોગ, નવી કારકિર્દી અને આધુનિક સંસ્કૃતિનો અતૂટ હિસ્સો છે.
**સમસ્યા ગેમિંગમાં નથી, તેના અતિરેકમાં છે.**
**સ્ક્રીન ટાઈમ અને રિયલ લાઈફ વચ્ચે સંતુલન જાળવો!**



તારીખ : 19/07/2026

# લાઠી APMCમાં પ્રાકૃતિક કૃષિ પેદાશ વેચાણ કેન્દ્રનો પ્રારંભ



ખેડૂતોને તેમની પ્રાકૃતિક કૃષિ પેદાશોનું યોગ્ય વળતર મળી રહે અને ગ્રાહકો સુધી આરોગ્યપ્રદ તથા ગુણવત્તાયુક્ત ઉત્પાદનો સીધા પહોંચે તેવા હેતુથી લાઠી કૃષિ ઉપજ બજાર સમિતિ (APMC) ખાતે પ્રાકૃતિક કૃષિ ખેત પેદાશ વેચાણ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને આત્મા પ્રોજેક્ટના સંયુક્ત ઉપક્રમે શરૂ કરાયેલા આ વેચાણ કેન્દ્રનું ઉદ્ઘાટન APMCના ચેરમેનના હસ્તે કરવામાં આવ્યું હતું.આ વેચાણ કેન્દ્રમાંપ્રાકૃતિક ખેતી હેઠળ ઉત્પાદિત અનાજ, કઠોળ, મસાલા, તેલીબિયાં, ગોળ, દેશી ગાયનું ઘી, આયુર્વેદિક ઉત્પાદનો, તાજા ફળો, શાકભાજી તેમજ વિવિધ મૂલ્યવર્ધિત કૃષિ પેદાશો ગ્રાહકોને એક જ સ્થળે ઉપલબ્ધ રહેશે. આ પહેલથી ખેડૂતોને તેમની પેદાશોનું સીધું વેચાણ કરવાની સુવિધા મળશે, જેના કારણે યોગ્ય બજારભાવ પ્રાપ્ત થશે અને ગ્રાહકોને પણ વિશ્વસનીય, આરોગ્યપ્રદ તથા ગુણવત્તાસભર પ્રાકૃતિક ઉત્પાદનો સરળતાથી મળી શકશે.કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત ખેડૂતો અને નાગરિકોને પ્રાકૃતિક ખેતીના મહત્વ, તેના આરોગ્યલક્ષી અને પર્યાવરણમૈત્રી લાભો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ જિલ્લાના નાગરિકોને વેચાણ કેન્દ્રની મુલાકાત લઈ પ્રાકૃતિક કૃષિ પેદાશોની ખરીદી કરીને ખેડૂતોને પ્રોત્સાહન આપવા અપીલ કરવામાં આવી હતી.આ પ્રસંગે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના માસ્ટર ટ્રેનર, આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ, તાલુકા ખેતીવાડી વિભાગના અધિકારીઓ, ખેતી મદદનીશો, કૃષિ સખીઓ તેમજ પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલા ખેડૂતો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## હવે બનશે આપના

# ઘંઘાની

# ડીઝીટલ પ્રોફાઈલ

દરેક ઘંઘાર્થીનું ડીઝીટલ હાઉસ




## મુખ્ય સુવિધાવો

- અનલિમિટેડ કેટેગરીઝ & પ્રોડક્ટ
- વિડીયો ગેલેરી
- કોન્ટેક્ટ ડીટેઈલ્સ
- વોટ્સઅપ ડાયરેક્ટ ચેટ
- ક્લિક ટુ કોલ
- ગુગલ મેપ લોકેશન
- બિઝનેસ માહિતી અપડેટ કરવાની સુવિધા
- કસ્ટમર રિવ્યુઝ
- સોશયલ મીડિયા લિંક્સ

## જેમાં તમને મળશે..

- તમારો પોતાનો **ડીઝીટલ સ્ટોર**
- ઓર્ડર અને ગ્રાહકોનો **સરળ રેકોર્ડ**
- તમારા ઘંઘાનું **ઓનલાઈન માર્કેટ**
- મોબાઈલમાં સરળ અને **ઝટપી મેનેજમેન્ટ**
- ગ્રાહકો સાથે **સીધી વાત**
- ગ્લોબલ ટાર્ગેટ **ઓડિયન્સ**
- વિશ્વસનીય, સુરક્ષિત અને **વિશ્વાસપાત્ર**




# COMING SOON

એક ક્લિકમાં આપનો ઘંઘો,
**દુનિયાભરમાં ઓળખ !**

વઘુ ગ્રાહકો | વઘુ વિશ્વાસ | વઘુ વેચાણ | વઘુ વૃદ્ધિ

કે.ડી. NEWS

તારીખ : 19/07/2026

# અમરેલી જિલ્લાના બારપટોળી ગામે હેલ્પ લાઈન ૧૯૬૨ - ફરતા પશુ દવાખાના દ્વારા બે ગાયોનું જટિલ ઓપરેશન કરી કેન્સર મુક્ત કરાઈ

અમરેલી તા. ૧૮ જુલાઈ,૨૦૨૬ (શનિવાર)- અમરેલી જિલ્લામાં પશુપાલકો માટે આશીર્વાદરૂપ બનેલી ૧૯૬૨ હેલ્પલાઈનની ત્વરિત કામગીરીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વિગત મુજબ, તા. ૧૭/૦૭/૨૦૨૬ના રોજ બારપટોળી ગામના પશુપાલક મેરુભાઈ વાઘ દ્વારા દસ ગામ દીઠ એક ફરતા પશુ દવાખાના (MVD) દાંતરડીના ડૉ. સુશીલ ચાંડેરાને જાણ કરવામાં આવી હતી કે, તેમની બે ગાયો શિંગડાના અસહ્ય દુઃખાવાના કારણે છેલ્લા ૬ મહિનાથી પીડાતી હતી. આ માહિતી મળતા જ ૧૯૬૨ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પ્રાથમિક તપાસ દરમિયાન માલુમ પડ્યું હતું કે, બંને ગાયોને ઘણા સમયથી હોર્ન કેન્સર (Horn Cancer) હોવાના કારણે શિંગડા ભાંગી ગયા હતા અને તાત્કાલિક શિંગડાનું એમ્પ્યુટેશન (દૂર કરવાની પ્રક્રિયા) કરવું પડે તેમ હતું.પરિસ્થિતિની ગંભીરતાને જોઈને સહેજ પણ વિલંબ કર્યા વિના, MVD વિક્ટર ટીમના ડૉ. ભરતસિંહ ગોહિલ તથા દાંતરડી ટીમના ડૉ. સુશીલ ચાંડેરાએ મેરુભાઈના ગામની ગૌશાળા ખાતે પહોંચીને જરૂરી દવાઓ તેમજ ઈન્જેક્શન આપ્યા હતા. ત્યારબાદ બંને ડૉક્ટરો દ્વારા ખૂબ જ લાંબા સમય સુધી ચાલેલું ગાયોનું જટિલ ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડીને કેન્સરગ્રસ્ત ભાગને શરીરથી દૂર કરવામાં આવ્યો હતો, જેનાથી ગાયોને અસહ્ય પીડામાંથી મુક્તિ મળી હતી.આ સમગ્ર ઓપરેશન દરમિયાન પાઈલોટ ગુણાભાઈ અને અજયભાઈએ પણ મહત્વની મદદ પુરી પાડી હતી. સર્જરી પૂર્ણ થયા બાદ પશુ ચિકિત્સકો દ્વારા પશુપાલકને ઓપરેશન પછી રાખવાની થતી તમામ માવજત અને કાળજી અંગેનું જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.પશુપાલક મેરુભાઈ વાઘે દાંતરડી અને વિક્ટર ટીમના સ્ટાફની આ ત્વરિત અને સંવેદનશીલ કામગીરી બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં કાર્યરત ૧૯૬૨ ફરતું પશુ દવાખાનું પશુઓની વહારે આવીને ઉત્કૃષ્ટ સેવાઓ આપી રહ્યું છે, જેમાં માલિકીના પશુઓને ન્યૂનતમ કેસ ફી ધોરણે અને બિનવારસી (Stray) પશુઓને તદ્દન નિઃશુલ્ક સારવાર પૂરી પાડવામાં આવે છે.

તારીખ : 19/07/2026

# ચાંદીપુરા વાયરસથી જિલ્લાને સુરક્ષિત રાખવા આરોગ્ય વિભાગ કટીબદ્ધ


અમરેલી તા. ૧૮ જુલાઈ,૨૦૨૬ (શનિવાર)- ચાંદીપુરા વાયરસનાં કારણે હાલ રાજ્યનાં વિવિધ જિલ્લાઓમાં કેસો નોંધાય રહ્યા છે ત્યારે અમરેલી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સતર્કતા દાખવી ઘનિષ્ઠ કાર્યવાહી કરવામાં આવી રહી છે. આજ દિન સુધી જિલ્લામાં ચાંદીપુરા વાયરસનો એક પણ શંકાસ્પદ કેસ નોંધાયેલ નથી. તેમજ ભવિષ્યમાં પણ અમરેલી જિલ્લો આ વાયરસનાં ભરડામાં ન સપડાય તેવી કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાનાં I M A - I A P એસોસિએશન સાથે એક C M E ( મીટીંગ)નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં જિલ્લાનાં પ્રાઈવેટ પીડીયાટ્રીશ્યનશ્રી, ફિઝીશ્યનશ્રી તેમજ જનરલ પ્રેક્ટીશ્નરશ્રીઓને ચાંદીપુરા વાયરસ વિષે સમજ આપવામાં આવેલ અને કોઈ શંકાસ્પદ કેસ મળે તો તાત્કાલિક આરોગ્યતંત્રને જણાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.હાલ જિલ્લાના તમામ આરોગ્ય કેન્દ્રો ખાતે ઉક્ત વાયરસને લઈ સર્વેલન્સની કામગીરી ચાલુ છે અને કોઈ શંકાસ્પદ કેસ જણાય તો તેને તાત્કાલિક સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ/જનરલ હોસ્પિટલ ખાતે રીફર કરવા જણાવેલ છે. ચાંદીપુરા વાયરસના સંક્રમણની અગમચેતીના ભાગરૂપે અમરેલી જિલ્લાના પ્રજાજનોમાં કોઈ ભય ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા જન-જાગૃતિની પ્રવૃત્તિ કરવામાં આવી રહેલ છે અને લોકોને તકેદારી રાખવા, સાવચેત રહેવા સમજણ આપવામાં આવી રહેલ છે. તેમ છતાં જો કોઈને ચાંદીપુરા વાયરસનાં લક્ષણો જણાય તો તાત્કાલિક નજીકનાં સરકારી દવાખાનાનો સંપર્ક કરવા અમરેલી જિલ્લા આરોગ્ય વિભાગ તંત્ર દ્વારા એક યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

KID NEWS

# ઈશ્વરનો સ્વીકાર
# સ્ટ્રિંગ થિયરી



## વિજ્ઞાન અને આપણા શાસ્ત્રો કહે છે એ જ વાત!



ડૉ. મિચિયો કાકુ કહે છે,
'ખરું બ્રહ્માંડ તો સબ એટોમિક સ્ટ્રિંગ્સનું સંગીત છે અને ઈશ્વર તે આ તમામ પરિમાણ અને પરમાણુમાં ગુંજતું કોસ્મિક સંગીત છે.'


- આપણું આ ત્રિ-પરિમાણીય બ્રહ્માંડ એ તો 11 પરિમાણોની સમગ્ર સૃષ્ટિમાં તરતા એક નાના પરપોટાં જેવું છે.
- પૂર્વનું દર્શન બ્રહ્માંડની બહુપરિમાણીય વાસ્તવિકતાને સ્વીકારવામાં પશ્ચિમના વિજ્ઞાન કરતાં ઘણું આગળ છે.

**આધુનિક સ્ટ્રિંગ થિયરી અને આપણાં શાસ્ત્રો એક જ સત્ય તરફ ઈશારો કરે છે – અનેક બ્રહ્માંડ અને એક સર્વવ્યાપ્ત પરમ ચેતના!**

## શાસ્ત્રો શું કહે છે?

### યોગવાસિષ્ઠ

ચેતન આકાશસ્વરૂપ પરમાત્મામાં આ જગતની જેમ અનેક બ્રહ્મંડ હાજર છે. જેમ જાળીમાં ઘરમાં પ્રવેશતા કિરણોમાં અસંખ્ય રજકણો દેખાય છે, તે જ રીતે બ્રહ્મંડોમાં સૃષ્ટિ દેખાય છે.



### બૃહદારણયક ઉપનિષદ

વાયુના વૈ ગૌતમ સૂત્રેણ અયં ચ લોકઃ પરશ્ચ લોકઃ સર્વાણી ચ ભૂતાનિ સંદૃબ્ધવાનિી ભવન્તિ...

'વાયુરૂપી દોરાથી જ આ લોક, પરરલોળ અને તમામ જીવો એકબીજા સાથે પરોવાયેલા છે. જો આ દોરો ખેચી લેવાય, તો બધા જ કણો વિખેરાઈ જાય.'

### યજુર્વેદ (શતપથ બ્રાહ્મણ)

'યત્ સર્વમ્ વ્યાપ્ત તત્ વાયુ'
સૃષ્ટિમાં જે કંઈ વ્યાપ્ત છે તે બધું જ વાયુ છે.
વાયુ એટલે પ્રાણ-ઉર્જા, બ્રહ્મંડનો સૂત્રધાર.

## સ્ટ્રિંગ થિયરી શું કહે છે?

- સમગ્ર સૃષ્ટિમાં મૂળતઃ કોઈ કણ નહીં, પણ ઉર્જાના કંપનશીલ તંતુઓ (સ્ટ્રિંગ્સ) છે.
- આ તંતુઓથી જ બધું આકાર પામે છે. તુટ્ણેનું કંપન બદલાતાં પરમાણુની પેટર્ન બદલાય છે અને અણુ, પદાર્થ બધું બદલાય છે.
- અપણે જે ખાલી જગ્યા સમજીએ છીએ તે અદૃશ્ય એનર્જીનું ક્વોન્ટમ ફિલ્ડ છે, જ્યાંથી કણો જન્મે છે અને નાશ પામે છે.
- આપણું ત્રિ-પરિમાણીય બ્રહ્મંડ તો 11 પરિમાણોની સમગ્ર સૃષ્ટિમાં એક નાના પરપોટા જેવું છે.
- ઈશ્વર કણ કણમાં છે અને બધું જ ઈશ્વર જાણે છે (ઈશ્વરમાં છે).

## વિજ્ઞાન અને શાસ્ત્રોમાં સમાનતા

સ્ટ્રિંગ થિયરી કહે છે કે બધું સ્ટ્રિંગના કંપનથી બને છે. શાસ્ત્રો કહે છે કે બધું પ્રાણ (વાયુ)રૂપ ઉર્જાથી વ્યાપ્ત છે.



સ્ટ્રિંગ થિયરીમાં કહે છે અનેક બ્રહ્મંડ છે. યોગવાસિષ્ઠ.માં લીલસે અનેક બ્રહ્મંડનું દર્શન કરાવ્યું છે.



સ્ટ્રિંગ થિયરી અનુસાર ઈશ્વર એક સર્વવ્યાપક કોસ્મિક વ્યવસ્થા છે. ઉપનિષદ કહે છે પરમાત્મા સર્વવ્યાપક, અનાદિ અને નિરાકાર છે.



બંને માને છે કે જે કંઈ પણ છે, તે એક જ પરમ ચેતનાનું અભિવ્યક્તિ છે.



## વિજ્ઞાન અને આધ્યાત્મનો સંગમ – આપણું જીવન

- ✓ વિજ્ઞાન આપણને બ્રહ્મંડની રચનાનો બૌદ્ધિક પુરાવો આપે છે.
- ✓ શાસ્ત્રો આપણને આત્મા અને પરમ ચેતનાનો આધ્યાત્મિક અનુભવ કરાવે છે.
- ✓ જ્યારે બંનેનો સંગમ થાય છે, ત્યારે જીવનનું સાચું જ્ઞાન મળે છે.
- ✓ સ્ટ્રિંગ થિયરી હોય કે ઉપનિષદ – સત્ય એક જ છે, ભાષા અલગ છે!

### મુખ્ય સંદેશ

ઈશ્વર દૂર ક્યાંય નથી, પરંતુ કણ કણમાં છે. વિજ્ઞાન હવે એ જ સત્યને સાબિત કરી રહ્યું છે, જે શાસ્ત્રો સદીઓથી કહે છે.

**વિજ્ઞાન આગળ વધે છે અશોધનથી, શાસ્ત્ર આગળ વધે છે અનુભવથી.**
**બંનેનો હેતુ એક જ – સત્યની શોધ!**

તારીખ : 19/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923
KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
## ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

# અઢળક કેકની વેરાયટીઓ



## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

**અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.**

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

**લાઈવ કેક** માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838


કે.ડે. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

કે.ડી. NEWS

તારીખ : 19/07/2026

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"માત્ર મનને બહેલાવતા જ રહેવું હોય તો પ્રશંસા કરનાર વચ્ચે રહેવું, પણ સાચા અર્થમાં જીવનમાં પ્રગતિ કરતા રહેવું હોય તો ટીકા કરનાર વચ્ચે રહેવું."




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**

Gurutattva

**3458**
**19/07/2026**
**Sunday**

## आत्मा

परमात्मा एक विश्वचेतना शक्ती है, इसलिये यह सदैव याद रखे कोई भी शरीर "परमात्मा" कभी नही हो सकता है,

बाबास्वामी
19/7/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**રવિવાર એટલો ઝડપથી પૂરો થાય છે કે... લાગે છે ઘડિયાળ પણ સોમવારની ફેન છે!**

---

**સોમવારથી શનિવાર: "રવિવાર ક્યારે આવશે?" રવિવાર આવે પછી: "અરે! કાલે તો ફરી સોમવાર!"**

---

**ચિન્ટુ એ એમના પપ્પા ને કીધું રવિવારે એલાર્મ બંધ... પણ "ઉઠી જા..." એલાર્મ ક્યારેય બંધ થતું નથી!**

નો નેગેટીવ ન્યૂઝ
કે.ડી. NEWS
તારીખ : 19/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 19 જુલાઈ
# મહત્વની ઘટનાઓ

૧૯૫૨ – ફિનલેન્ડના હેલસિન્કીમાં સમર ઓલમ્પિક્સનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો.

૧૯૬૯ – ભારત સરકાર દ્વારા બેંકોનું રાષ્ટ્રીયકરણ.

૧૯૭૬ – નેપાળમાં સાગરમથ્થા રાષ્ટ્રીય ઉદ્યાન ની રચના કરાઈ.

૧૯૭૭ – વિશ્વનું પ્રથમ જીપીએસ સિગ્નલ નેવિગેશન ટેકનોલોજી સેટેલાઇટ ૨ (એનટીએસ-II) દ્વારા પ્રસારિત કરવામાં આવ્યું હતું જે સીડર રેપિડ્સ, આયોવાના (Cedar Rapids, Iowa રોકવેલ કોલિન્સ ખાતે સવારે ૧૨:૪૧ વાગ્યે પ્રાપ્ત થયું હતું.

૧૯૮૦ – મોસ્કોમાં સમર ઓલમ્પિક્સનું ઉદ્‌ઘાટન થયું.

૧૯૮૩ – કમ્પ્યૂટર ટોમોગ્રાફી (સીટી) સ્કેનમાં માનવ મસ્તિષ્કનું પ્રથમ ત્રિપરિમાણીય પુનર્નિર્માણ પ્રકાશિત થયું.

## જન્મ

૧૮૨૭ – મંગલ પાંડે, ભારતનાં સ્વતંત્રતા સેનાની (અ. ૧૮૫૭)

૧૮૯૯ – બલાઈચંદ મુખોપાધ્યાય, ભારતીય ચિકિત્સક, લેખક, કવિ અને નાટ્યકાર (અ. ૧૯૭૯)

૧૯૩૮ – જયંત નાર્લિકર ભારતીય ખગોળભૌતિક વૈજ્ઞાનિક

૧૯૪૨ – મધુ રાય, ગુજરાતી વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર

૧૯૫૫ – રોજર બિન્ની, ભારતીય ક્રિકેટર

૧૯૫૯ – શુભાંગી કુલકર્ણી, ભારતીય મહિલા ક્રિકેટર

૧૯૬૧ – હર્ષા ભોગલે, ભારતીય પત્રકાર અને ક્રિકેટ કોમેન્ટેટર

૧૯૯૮ – વિશ્વરાજ જાડેજા, ક્રિકેટર

## અવસાન

૨૦૧૫ – લાલુભા જાડેજા, ભારતીય ક્રિકેટર (જ. ૧૯૨૨)

## તહેવારો અને ઉજવણીઓ

બેંક રાષ્ટ્રીયકરણ દિવસ

તારીખ : 19/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની

## કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 19/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 19/07/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

## સાળંગપુરના આજના દર્શન



કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| Instagram | Facebook | YouTube | WhatsApp |
| --- | --- | --- | --- |
| 76K | 52K | 37K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**